ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૪ ટકા

# મોંઘી બ્રાન્ડની બોટલોમાં સસ્તો દારૂ ભરીને વેચતી ગેંગ પકડાઈ

**પેથાપુરના સંજરી એવન્યુમાં મકાન ભાડે રાખી આ કાંડ કરતા હતા એલસીબીએ ૫૫ બોટલો સાથે ચોરને પકડી પાડી કાંડનો પર્દાફાશ કર્યો**





ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક પેથાપુરમાં આવેલા સંજરી એવન્યુ ફલેટમાં એલસીબીએ દરોડો પાડી મોંઘી બ્રાન્ડની સ્કોચની બોટલોમાં હરીયાણાનો સસ્તો દારૂ ભરી આ બોટલોનો વેપલો કરતી ગેંગને દબોચી લીધી છે. ફલેટ ભાડે રાખીને આ કૌભાંડ આચરતી ચાર શખ્સોની ટોળકીને એલસીબીની ટીમે ૫૫ બોટલો સાથે ઝડપી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમો દારૂ-જુગારની પ્રવૃત્તિઓ સદંતર બંધ કરાવવા સક્રીય થઈ છે ત્યારે ચોકકસ બાતમી મેળવી વધુ એક દરોડો પાડી દારૂના જથ્થા સાથે ગેંગને પકડી છે. જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાને પગલે જિલ્લામાં દારૂબંધીની કડક અમલવારી કરાવવામાં આવી રહી છે. જેને પગલે કયાંક છુટા છવાયા દારૂની બોટલોનો ખાનગી ધંધો કરતા ખેપીયા-બુટલેગરોએ દારૂની બોટલના ત્રણ ગણા ભાવ કરી નિયમિત ગ્રાહકો સાથે જ ડીલીંગ ચાલુ કર્યું છે તે ઉપરાતં હવે કેટલાક બુટલેગરો હરીયાણાથી સસ્તો દારૂ લાવીને મોંઘી બ્રાન્ડની સ્કોચની ખાલી બોટલોમાં તે સસ્તો દારૂ ભરી આ બોટલો સ્કોચના નામે તગડી કિંમતે વેચી રહ્યા છે. એએસઆઈ પુનમભાઈ, હેડ કોન્સ્ટેબલ યજવેન્દ્રસિંહ, મહેન્દ્રસિંહ, કોન્સ્ટેબલ જયપાલસિંહ, વિપુલભાઈ અને ધિરેન્દ્રસિંહ પેથાપુર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા ત્યારે ધિરેન્દ્રસિંહની બાતમી આધારે પેથાપુર નિલકંઠ વિલા પાસે આવેલા સંજરી એવન્યુ ફલેટમાં દરોડો પાડયો હતો. સંજરી એવન્યુના પાર્કીંગમાંથી પલ્સર બાઈકમાં હેરાફેરી કરવા લઈ જઈ રહેલા સે-૨૪ ઈન્દીરાનગરના મોહન મનજી ગોહીલ અને સે-૨૯ ચ ટાઈપમાં રહેતા અમીત પરશોત્તમ વર્મા નામના બે શખ્સોને પકડી પાડયા હતાં. બંનેની પુછપરછ કરી તેમના જણાવ્યા મુજબ સંજરી એવન્યુના પ્રથમ માળે રૂમ નં. ૬માં દરોડો પાડી તેમના અન્ય બે સાગરીતોને પણ પકડી પાડયા હતા. સંજરી એવન્યુમાં મકાન નં. ૬માં રહેતા સુધીર બલજીત ચંદ્રસીંગ એલાવત અને સંદીપ ઉર્ફે સોનુ દલબીરસિંગ નાથુરામ ચમાર નામના બંને સાગરીતોને અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની સ્કોચ સહિતની ૫૫ બોટલો સાથે પકડી પાડયા હતા. આ મકાનમાંથી ખાલી બોટલો મળી આવી હતી જેની પુછતાછમાં બહાર આવ્યું કે હરીયાણાથી તેઓ સસ્તો દારૂ લાવીને મોંઘી બ્રાન્ડની લેબલોવાળી ખાલી બોટલોમાં સસ્તો દારૂ ભરી દારૂનો વેપલો કરતા હતા. બાઈક, ત્રણ મોબાઈલ અને ૫૫ નંગ બોટલો સહિત રૂ. ૫૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ચારની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે.



## પાણીના પોકારો વચ્ચે ચરેડી પાસે પાણીનો વેડફાટ

ગાંધીનગરના ઉત્તરે આવેલ જીઈબી પાસે છેલ્લા બે દિવસથી અઢળક પાણી માર્ગો ઉપર વહી રહ્યું છે. રાજયમાં ચોતરફ પાણી પાણીના પોકાર થઈ રહ્યા છે. સરકાર જળ સંચય જેવું અભિયાન ચલાવી પાણીની અછત દૂર કરવા સતત પ્રયત્નશીલ છે ત્યારે જ રાજયના પાટનગરમાં જ પાણીના વેડફાટના દશ્યો આઘાત પહોંચાડી રહ્યા છે. જીઈબી નજીક ચરેડીને અડીને આવેલી ટાંકીમાંથી કોઈ કારણસર વિપુલ માત્રામાં પાણી એન્જીનીયરીંગ કોલેજવાળા માર્ગ ઉપર બિનઉપયોગી રીતે વહી જઈ રહ્યું છે. પાણી બચાવોના અભિયાનનો રીતસર છેદ અહીં ઉડી ગયો છે. લાખો લીટર પાણી ફાલતું બની જઈ બિનઉપયોગી રીતે ધરતીમાં જમાઈ જશે ત્યારે જરૂરિયાતવાળાઓને પાણી જોખી જોખીને લેવાની નોબત આવી છે. તળાવ,નદી, નાળા અને ડેમના તળીયા દેખાઈ રહ્યા છે ત્યારે બચાવેલું પાણી આગામી સમયમાં કામ આવશે તેવા ઉદ્દેશો રખાઈ રહ્યા છે ત્યારે આ દશ્યોમાં નજરે પડતી ગંભીર લાપરવાહીના જવાબદારો વિરુધ્ધ કાર્યવાહી કરી પાણીનો બગાડ અટકાવવા તંત્રએ સત્વરે પગલા લેવા જોઈએ તેવી માંગ ઉઠી છે.

## ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસમાં સી.એસ.આઈ સિસ્ટમનો પ્રારંભ

કેન્દ્ર સરકાર દ્વારા તમામ પોસ્ટ ઓફિસોનું વર્તમાન સમયમાં ડીઝીટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે અને ગ્રાહકોને અગવડતા ના પડે તે માટે કેન્દ્ર સરકારનું આ પગલું જનતા અને સ્ટાફના કામની સરળતા માટે લેવામાં આવ્યું છે ત્યારે ગાંધીનગર ડીવીઝનમાં આવેલી તમામ પોસ્ટ ઓફિસોમાં આજ રોજથી સીએસઆઈ (કોર સીસ્ટમ ઈન્ટીગ્રેટર) હેઠળ આવરી લેવામાં આવી છે.

અમદાવાદ હેડ કવાર્ટર રીઝીયનના પોસ્ટ માસ્તર જનરલ રાજેન્દ્ર કુમાર ગુપ્તા તથા ડાયરેકટર સુનીલ શર્મા દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે સી.એસ.આઈની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં તમામ પ્રકારની કામગીરીને સી.એસ.આઈ. હેઠળ આવરી લેવામાં આવી છે. આ સી.એસ.આઈ. હેઠળ રજીસ્ટર તથા સ્પીડ પોસ્ટ બુકિંગ, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સનું પ્રીમીયમને લગતી તથા સીબીએસને લગતી કામગીરી ડીજીટલી કરી દેવામાં આવી છે. ઉપરાંત તબક્કાવાર તમામ પોસ્ટ ઓફિસનું ડીજીટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. આ સિસ્ટમની ગાંધીનગર ડીવીઝનથી શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર ડીવીઝનના સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ કે.બી. સિસોદિયા ઉપસ્થિત રહ્યા હતા.

# ચોમાસામાં બિનજરૂરી વહી જતા વરસાદી પાણીથી સંત સરોવર ભરવાની કાર્યયોજના

ગાંધીનગર, તા.૧૬

ચોમાસાની ઋતુમાં ગાંધીનગર શહેર અને આસપાસના નદી કાંઠાના વિસ્તારોમાં વરસતા પાણીથી સંત સરોવર ભરવાનું સુચારું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ આયોજનના ભાગ રૂપે જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં એકશન પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો.

બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, ચોમાસાની ઋતુમાં ગાંધીનગર શહેર અને નદી કાંઠા વિસ્તારોમાં વરસાદી પાણી બિનજરૂરી જગ્યાએ વહી જતું હોય છે. આ વરસાદી પાણી આગામી ચોમાસામાં બિન જરૂરી વહી ન જાય અને સીધુ સંત સરોવરમાં જાય તેવું કામ જિલ્લાની તમામ કચેરીએ એક ટીમ થઈ કરવાનું છે. જિલ્લાની ટીમને પરિણામલક્ષી કામ કરવાની આ ઉમદા તક ગણાવી હતી. સંત સરોવરમાં વિવિધ વિસ્તારોમાંથી



પાણી વાળવાની પ્રક્રિયામાં ટેકનિકલ બાબતો અને વૈજ્ઞાનિક ઢબનું પણ ખાસ ધ્યાન રાખવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. સંત સરોવરમાં આસપાસના વિસ્તારોમાંથી પાણી જાય તે દરમ્યાન સંત સરોવરનું પાણી સ્વચ્છ રહે તે બાબત પર પણ ભાર મુક્યો હતો. કલેકટરશ્રીએ ચોમાસું નજીકમાં છે, તેમ છતાં આજે સંત સરોવરની કેપેસીટીનું ૭૫ ટકા પાણી સંગ્રહ હોવાનો આનંદ પણ વ્યકત કર્યો હતો.

આ બેઠકમાં સુજલામ સુફલામના અધિક્ષક ઈજનેર શ્રી મિસ્ત્રી, સુજલામ સુફલામ જળ સંચય અભિયાનના નોડલ અધિકારી શ્રી જે.એમ.માયત્રા, ડ્રેનેજ ડિવિજનના શ્રી કે.ડી.વાઘેલાએ અદ્યતન ટેકનોલોજીથી તૈયાર કરેલ એકશન પ્લાન રજૂ કરતાં જણાવ્યું હતું કે, સંત સરોવરમાં વિવિધ વિસ્તારના ૨૩ આવરાઓમાંથી પાણી લાવવામાં આવશે. જેમાં સરીતા ઉદ્યાનની ઉત્તર, સરીતા ઉદ્યાન અને સંસ્કૃતિકુંજ વચ્ચેનો, સંસ્કૃતિ કંજુની બાજુનો, રાજભવનની પાછળ, જી.ઈ.બી.ની નજીકનો, પેથાપુર ફ્રેન્ચવેલની નજીકનો, પીંપળજ, બાસણ, પાલજ-બાસણ વચ્ચેનો, ગાંધીનગર ચિલોડા બ્રિજ નજીકનો, લેકાવાડા, ધરમપુર, દોલારાણા વાસણા, ચેખલારાણી, રાજપુર, સાદરા સીમાડા અને માધવગઢ સીમાડા જેવા વિવિધ વોકળો ( આવરાઓ)માંથી સંત સરોવરમાં પાણી લાવવામાં આવશે. તે ઉપરાંત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનનું અને શહેરનું પાણી પણ સંત સરોવરમાં લાવવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. એકશન પ્લાનમાં રજૂ કરવામાં આવેલા આવરાઓની સાફ-સફાઈ તથા નદીમાં પાણી વહેવડાવવાનું કામ ગાંધીનગર મહાનગરપાલિકા, પેથાપુર નગરપાલિકા, પ્રાંત ગાંધીનગર અને તાલુકા પંચાયત, પાટનગર યોજના ભવન દ્વારા કરાવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના સુજલામ સુફલામ જળ સંચયના નોડલ અધિકારી શ્રી જે.એમ. માયત્રાએ જણાવ્યું હતું કે, સંત સરોવર પાણીથી ભરાયેલ રહે તો સંત સરોવરની નજીકમાં આવેલા ૧૩ જેટલા ગામના પાણીના તળ ઉંચા આવશે. પાણીના તળ ઉંચા આવવાથી આસપાસના ટયુબવેલની વીજ માંગમાં પણ ઘટાડો થશે. તેની સાથે સંત સરોવર ભરાયેલું રહે તો ઉપરવાસના ૫૦ ગામોને પણ પાણીનો લાભ થાય છે.

# સે-૧૧નું રામકથા મેદાન બન્યું 'વ્હિકલ લર્નિંગ ટ્રેક'

**દિવસે પાર્કિંગ લૉટ બનતું મેદાન સાંજે વાહન શીખવાનું સ્થળ બની જાય છે : શનિ-રવિ અને રજાના દિવસે ક્રિકેટ મેદાનમાં ફેરવાઈ જાય છે**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં રામકથા મેદાન હવે દિવસે પાર્કિંગ લૉટ અને રાત્રે વાહન શીખવા માટે ફ્રી ટ્રેક બનવા પામ્યું છે, વળી, શનિ-રવિ સહિત રજાના દિવસે આ મેદાનનો ઉપયોગ બાળકો તથા યુવાનો માટે ક્રિકેટ રમવા માટે કરવામાં આવી રહ્યો છે. શહેરમાં હવે ખુલ્લા મેદાનો માત્ર સેકટર-૬ અને સેકટર-૧૧માં જ વધ્યા છે જેમાંથી સેકટર-૬નું મેદાન મોટે ભાગે શોપીંગ એકિઝબીશન અને આનંદમેળા માટે વપરાતું હોવાથી નગરજનો માટે એક જ મેદાન હાથવગું મળી રહે છે.

અગાઉ ગાંધીનગરમાં નગરજનોને વાહન શીખવું હોય તો સેકટર-૧૭માં હેલીપેડ ગ્રાઉન્ડ હંમેશા અવેલેબલ રહેતું હતું. હેલીપેડ પર ટુ વ્હીલરથી માંડીને ફોર-વ્હીલર શીખવામાં શહેરના અધિકારીઓથી માંડીને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે. વળી, આ મેદાન બાળકોથી માંડીને યુવાનોને ક્રિકેટ જેવી રમતો રમવા પણ ઉપયોગી હતું જે માટે ઘ-૫ સર્કલ નજીકના મેદાનનો પણ વિકલ્પ મળી રહેતો હતો. જો કે હવે આ મેદાનો પર વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર્સ ઉભા થઈ જવા પામ્યા હોવાથી સેકટર-૧૧નું મેદાન આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે નાગરિકોમાં હોટ ફેવરિટ બન્યું છે. દરરોજ રાત્રે સેકટર-૧૧ના રામકથા મેદાનમાં આશરે ૪ થી ૫ ફોર વ્હીલર શીખનારા આંટા મારતા દેખાય છે તો તે સાથે ૪થી ૫ ટુ વ્હીલર્સ શીખનારા પણ જોવા મળે છે. દિવસ દરમિયાન આમ તો સેકટર-૧૧ના મુલાકાતીઓ તથા ઓફિસ-દુકાનોના વાહનો પાર્કિંગ માટે રામકથા મેદાન વપરાય છે પરંતુ સાંજ પડતા જ તે વ્હીકલ લર્નિંગ ટ્રેકમાં ફેરવાઈ જાય છે. વળી, શનિ-રવિ કે અન્ય રજાના દિવસે આ મેદાન ક્રિકેટ રમતા ખેલાડીઓથી ભરચક બની જાય છે. જેમાં હવે છોકરીઓની ટીમો પણ ક્રિકેટ રમતી જોવા મળે છે.

# શનિવારે ગાંધીનગરમાં "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ"નું આયોજન

**હેપ્પી યૂથ ક્લબ દ્વારા તૃતીય સ્થાપના દિને કડવા પાટીદાર સમાજ અને રાજસ્થાન હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજન : કેમ્પમાં રાજસ્થાન હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ તબીબોની ટીમ સેવાઓ આપશે : કાર્ડિયોગ્રામ અને બ્લડસુગરની વિના મૂલ્યે તપાસ કરી આપવામાં આવશે**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યૂથ કલબ છેલ્લા બે વર્ષથી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલી છે. આગામી તા. ૧૯મી મે શનિવારે હેપ્પી યૂથ કલબ ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. આ પ્રસંગે હેપ્પી યૂથ કલબ દ્વારા કડવા પાટીદાર સમાજના સંયુકત ઉપક્રમે રાજસ્થાન હોસ્પિટલના સહયોગથી "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ' તેમજ ઈંડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગરના સહયોગથી "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૧૯મી મે શનિવારના રોજ સવારે ૧૦ થી ૧ દરમ્યાન સેક્ટર-૧૨માં ઉમિયા સમાજ ભવન ખાતે યોજાશે.

આજના યુગમાં આરોગ્ય સંબંધિત સેવાઓ ખૂબ મોંઘી થતી જાય છે જેના કારણે સામાન્ય વર્ગનો નાગરિક ખૂબ પરેશાની ભોગવે છે. હેપ્પી યૂથ કલબ આયોજિત "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ"માં અમદાવાદની ખ્યાતનામ રાજસ્થાન હોસ્પિટલના નિષ્ણાત અને સુપર સ્પેશિયાલિસ્ટ તબીબોની ટીમ દ્વારા કેમ્પના લાભાર્થીઓને હૃદયને લગતી બીમારી, હાડકાંને લગતા રોગો, પેટ, આંતરડા અને લીવરની બીમારી તેમજ તેને સંબંધિત તકલીફો, મગજ, કરોડરજ્જુ અને મણકાના રોગો ઉપરાંત નાક, કાન, ગળાના રોગોની તપાસ વિના મૂલ્યે કરી આપશે. આ સાથે કેમ્પના લાભાર્થીઓને ઈસીજી, બ્લડસુગર વગેરે ટેસ્ટ સ્થળ પર વિના મૂલ્યે કરી આપવામાં આવશે. દર્દીઓએ તેમના રોગની જો સારવાર ચાલુ હોય કે લીધી હોય તો તેના જૂના તમામ રિપોર્ટ્સ તેમજ એક્સરે વગેરે સાથે લઈને આવવાના રહેશે. "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ"માં વહેલા તે પહેલાના ધોરણે દર્દીઓને તપાસવામાં આવશે. આ "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ"માં રાજસ્થાન હોસ્પિટલના હૃદય રોગના નિષ્ણાત ડો. તરુણ દવે, મગજ-કરોડરજ્જુ અને મણકાના નિષ્ણાત ડો. કૈરવ શાહ, પેટ-લીવર તેમજ આંતરડાના કેન્સર નિષ્ણાત ડો. નયન પંચોટિયા, હાડકાના રોગો તથા જોઈન્ટ રિપ્લેસમેંટ નિષ્ણાત ડો. કાંતિલાલ જૈન અને કાન-નાક-ગળાના નિષ્ણાત ડો. સુનિલ શર્મા સહિત તેમની સહયોગી ટીમ દર્દીઓને જરૂરી સેવાઓ પૂરી પાડશે.

### ચેકઅપ માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરી શકાશે

"ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ" સવારે ૧૦ થી ૧ દરમ્યાન યોજાશે જેમાં વહેલા તે પહેલાના ધોરણે દર્દીઓને તપાસવામાં આવશે. કેમ્પમાં અગાઉથી નામ નોંધવવા સાથે આપેલ નંબર પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

વિજયસિંહ માજીરાણા મો. નં. ૯૭૩૭૨૪૨૧૦૩, વિષ્ણુભાઈ પટેલ મો. નં.૯૬૮૭૮૪૭૩૬૬, હરકિશનસિંહ વાઘેલા મો. નં. ૭૫૬૭૦૨૩૯૮૫, સમીર રામી મો. નં. ૯૯૨૪૪૪૬૬૪૫

### "હેપ્પી રક્તદાન શિબિર" પણ યોજાશે

હેપ્પી યૂથ ક્લબ દ્વારા ઈંડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગરના સહયોગથી "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રક્ત એકત્ર કરવાની સેવાઓ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા પૂરી પાડવામાં આવશે અને કેમ્પમાં એકત્ર કરાયેલ રક્ત ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે જરૂરિયાતમંદને પૂરું પાડવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર" સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન યોજાશે. આ રક્તદાન શિબિરમાં ગાંધીનગરના યુવાનોને મોટી સંખ્યામાં રક્તદાન કરવા હેપ્પી યૂથ ક્લબ દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે.

# વાવોલમાંથી બોલેરો ગાડીની ઉઠાંતરી

**ભાડે લીધેલી બોલેરો કાર લઈ વાહનચોર પાર્કીંગમાંથી ઉઠાવી ગયો**

ગાંધીનગર, તા.૧૬

વાવોલ ગામમાં પ્રિત એપાર્ટમેન્ટમાં રહેતો એક યુવાન સરકારી કચેરીઓમાં ગાડીઓ કોન્ટ્રાકટ પર ફેરવવાના વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેમને એક વ્યકિત પાસેથી બોલેરો ગાડી ભાડે લઈ સરદાર સરોવર નિગમમાં કોન્ટ્રાકટ પર મુકી હતી. રજાના દિવસે બોલેરો ગાડી પ્રિત એપાટમેન્ટમાં પાર્કીંગમાં મુકી હતી તે રાત્રી દરમિયાન કોઈ વાહનચોર બોલેરો ચોરી કરીને રફફુચક્કર થઈ ગયો હતો. આ મામલે સે-૭ પોલીસે વાહનચોરીની ફરિયાદ લઈ વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગરના બાબુભાઈ સેનમાએ એક બોલેરો કાર લોન પર લીધી હતી. લોન ભરવામાં તકલીફો થતા તેમણે આ ગાડી વાવોલ રહેતા ઈન્દ્રજીતભાઈ બળદેવભાઈ ચૌહાણને ભાડે આપી હતી. ઈન્દ્રજીતભાઈએ આ બોલેરો સરદાર સરોવર નિગમમાં કોન્ટ્રાકટ પર મુકી હતી. ૨૭ એપ્રિલે રજાના દિવસે ગાડી ઈન્દ્રજીતભાઈ પોતાના ઘરે પ્રિત એપાર્ટમેન્ટ લઈ આવ્યા હતા અને સવારે ઉઠીને જોયું તો પાર્કીંગમાંથી ગાડી ગાયબ હતી. ઈન્દ્રજીતભાઈએ બાબુભાઈને ફોન કરીને પુછયું કે ગાડી પડી નથી તમે લઈ ગયા કે શું? બાબુભાઈ લઈ ગયા ન હોવાનું જાણવા મળતા બીજી શંકા ગઈ કે લોનવાળા ગાડી ખેંચી ગયા તો નથી ને...! તે અંગે ખરાઈ કરી તો કોઈ ગાડી ખેંચી ગયું ન હોવાનું ખબર પડતા આખરે આ ગાડી રાત્રી દરમિયાન કોઈ ચોરી કરી ગયું હોવાનું બહાર આવ્યું હતું. સે-૭ પોલીસે બોલેરો ચોરીની ફરિયાદ નોંધી તપાસ આરંભી છે.



## ઝુલેલાલ મંદિરમાં શનિ જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૩૦ સ્થિત ઝુલેલાલ મંદિર ખાતે શનિ જયંતિની ભાવિકોએ ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી.

ગાંધીનગર સહિત આસપાસના અનેક વિસ્તારમાં મંગળવારે શનિદેવની જન્મજયંતિનો ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. આ ધાર્મિક પર્વે ગાંધીનગરમાં સેકટર-૩૦માં આવેલ ઝુલેલાલ મંદિરમાં જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ હતી. વહેલી સવારથી જ શનિદેવના ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. ભાવિકોએ શનિદેવની મહાઆરતી અને અન્નકુટનો આનંદ શ્રધ્ધાપૂર્વક લીધો હતો. ભાવિકોએ મોટી સંખ્યામાં ભગવાન શનિદેવના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાના પોલીસ બેડામાં ફરી એકવાર બદલીનો ગંજીપો ચીપાયો છે. આ વખતે બે પીઆઈની આંતરિક બદલીઓ કરાઈ છે. જેમાં સે-૨૧ના પીઆઈ જે.બી. પંડિતને લીવ રીઝર્વમાં રખાયા છે અને લીવ રીઝર્વમાંથી પી.આઈ. વી.એન. યાદવને સે-૨૧ પોલીસ સ્ટેશનનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

● સેકટર-૧૧માં એક વડીલ કાર ચાલક પરિવાર સાથે હોટલ હવેલી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કૂટર ચાલકને નજીવી ટકકર વાગી જતા તેઓ ગભરાઈને પોતાની કાર ઓવર સ્પીડમાં હંકારી ગયા હતા. ઓવર સ્પીડના કારણે તેઓ સે-૨૪માં માર્કેટમાં ઘુસ્યા ત્યાં સુધીમાં બીજા ૩ થી ૪ વાહન ચાલકોને ટકકર વાગતા રહી ગઈ હતી જેથી પબ્લિકે તેમનો પીછો કરી અટકાવી ગાડીના કાચ ફોડી નાંખવા સાથે પોલીસના હવાલે કર્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મણભાઈ નાનુભાઈ પટેલ, ઉ.વ. ૮૬
- સ્વ. વિઠ્ઠલભાઈ વાલજીભાઈ દેસાઈ, ઉ.વ. ૭૦